# રાષ્ટ્રિય ખરીદ કાર્યપદ્ધતિ હેઠળ
# કામગીરી કરવા માટેના ભાવો મંગાવવા માટેનું
# પત્રક

| | | |
|---|---|---|
| કામગીરી | : | બાંધકામ અંગેની કામગીરી |
| બીડ ડોક્યુમેન્ટ મેળવવાનો સમય | : | તા. ૧૫/૦૩/૨૦૧૮ થી ૩૧/૦૩/૨૦૧૮ કામકાજના સમય દરમિયાન |
| બીડ રજૂ કરવાની છેલ્લી તારીખ અને સમય | : | તા. ૩૧.૦૩.૨૦૧૮ નો રોજ ૧૫.૦૦ કલાક |
| બીડ ખોલવાની તારીખ અને સમય | : | તા. ૩૧/૦૩/૨૦૧૮ ને ૧૫:૩૦ કલાકે |
| ટેન્ડર ફી | : | જાહેરાતમા દર્શાવ્યા પ્રમાણે ડી.ડી. દ્વારા અથવા ટેન્ડરની કોપી મેળવવો ત્યારે રોકડાથી ભરવાની રહેશે (નોન-રીફંડેબલ) |
| બીડ ખોલવાનું સ્થળ | : | નિયામકશ્રી ની કચેરી,<br>ગુજરાત ઇકોલોજી કમિશન,<br>ઉદ્યોગ ભવન બ્લોક નં. ૧૮/૧, પહેલો માળ,<br>ગાંધીનગર. |
| બીડ મંગાવનાર અધિકારી | : | નિયામક,<br>ગુજરાત ઇકોલોજી કમિશન,<br>ઉદ્યોગ ભવન બ્લોક નં. ૧૮/૧, પહેલો માળ,<br>ગાંધીનગર. |


ગુજરાત ઇકોલોજી કમિશન

ઉદ્યોગ ભવન બ્લોક નં ૧૮/૧, પહેલો માળ, ગાંધીનગર – ૩૮૨૦૧૧, ગુજરાત.

ફોન : ૦૭૯-૨૩૨૫૭૬૫૬/૨૩૨૫૭૬૫૮ | ઈમેલ : mail@geciczmp.com

વેબસાઈટ : www.gec.gujarat.gov.in | www.geciczmp.com

કામગીરી માટેના ભાવ આપવા માટેનું આમંત્રણ

પ્રતિ,

.........................................................................

.........................................................................

.........................................................................

શ્રીમાન,

વિષય : કામગીરીના ભાવો મંગાવવા બાબત.

૧. નીચે જણાવેલ કામ માટે સ્પર્ધાત્મક ભાવપત્ર મંગાવવામાં આવે છે.

| ક્રમ | ગામનું નામ | કામગીરીનું નામ | અંદાજીત રકમ | ટેન્ડર ફી અને ઈએમડી |
|---|---|---|---|---|
| ૧ | આટ | ધોળિયા તળાવની સંરક્ષણ દીવાલ | ૧૦૧૧૦૨૪/- | ૧૦૦૦/-<br>૭૫૦૦/- |
| ૨ | | રૂપેણ તળાવની સંરક્ષણ દીવાલ | ૧૧૨૨૨૧૪/- | ૧૫૦૦/-<br>૧૦૦૦૦/- |

૨. ઇંટરનેશનલ ડેવલપમેન્ટ અસોસિએશન (IDA) તરફથી ભારત સરકારને ગ્રીન એકશન ફોર નેશનલ દાંડી હેરિટેઝ ઈનિશિયેટીવ (ગાંધી પ્રોજેક્ટ) માટે રૂ. 25.00 કરોડ મંજુર કરવામા આવ્યા છે. આ નાણાના અમુક ભાગથી ઉપરોકત કામગીરી કરવા માટે વિગતે ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

૩. ગાંધી પ્રોજેક્ટનુ અમલીકરણ સોસાયટી ઓફ ઈન્ટ્રીગેટેડ કોસ્ટલ મેનેજમેન્ટ (સાઈકોમ) દ્વારા કરવામાં આવી રહ્યુ છે જે યોજનાના અમલીકરણ માટે ગુજરાતમાં ગુજરાત ઇકોલોજી કમિશનને નિયુંક્ત કરવામાં આવેલ છે. આ કમિશન એક સ્વાયત સંસ્થા છે, જીઈસી દ્વારા ગામ્ય સ્તરે અમલીકરણ માટે સમુદાય આધારિત સંસ્થાની રચના કરવામા આવેલ છે. જે સોસાયટીઝ રજિસ્ટ્રેશન અધિનિયમ હેઠળ નોંધાયેલ છે.

૪. આપને ભાવપત્રક (quotation) તૈયાર કરવામાં સહાયરૂપ થાય તે માટે અમે નીચેની વિગતો આપીએ છીએ.

   ૪.૧ માપણી કરવાની હોય તેવા સ્થળની વિગત

   ૪.૨ માપણી કરવાની હોય તેવા સ્થળનાં નકશા

   ૪.3 નિર્માણ કામ માટે જરૂરી જથ્થાની વિગતવાર યાદી

   ૪.૪ આ કામના કરારને આખરીરૂપ આપવા માટે જે ફોર્મનો ઉપયોગ કરવામાં આવશે, તે કરારનામાનો મુસદ્દો

   ૪.૫ ટેક્નિકલ વિગતો (Specifications)

૫. આપને આપના ભાવ મોડામાં મોડા તા. ૩૧.૦૩.૨૦૧૮ નો રોજ ૧૫.૦૦ કલાક સુધીમાં આપવા વિનંતી છે.

૬. ભાવપત્ર (quotations) હરીફો/બોલી બોલનારાઓ અથવા તેમના પ્રતિનિધિઓની હાજરીમાં ખોલવામાં આવશે. ભાવપત્ર અત્રેની ખરીદ સમિતીની હાજરીમાં ખોલવામાં આવશે.

૭. એકજ ગામના અલગ અલગ કામો માટે અલગથી બધી વિગતો સાથે ભાવ પત્રક (ટેન્ડર) અલગ કવરમાં ભરવાનું રહેશે. એક જ કવરમાં બે કામના ભાવપત્રક અમાન્ય ગણાશે.

૮. આપના ભાવપત્રકો સમયસર મોકલવા વિનંતી અને આ કામગીરીમાં રસ બતાવવા બદલ આપનો આભાર.

૯. ભાવ પત્રક ઈએમડી પેટે રૂ. ૧૦૦૦૦/- (પરત મળવા પાત્ર) નો ડીડી અને ટેન્ડર ફી (પરતમળવા પત્ર નથી) '**Gandhi Green Memorial Project**' ના નામથી મોકલવાનો રહેશે

નિયામક
ગુજરાત ઇકોલોજી કમિશન

હરીફો (bidders) માટેની સૂચનાઓ

વિભાગ-એ

૧. કામનો વ્યાપ

ગુજરાત ઇકોલોજી કમિશન, ગાંધીનગર દ્વારા નીચે આપેલ કોઠામાંની વિગતો મુજબના નિર્માણ કામના ભાવપત્રક મંગાવે છે.

| ક્રમ | ગામનું નામ | કામગીરીનું નામ | અંદાજીત રકમ | ટેન્ડર ફી અને ઈએમડી |
|---|---|---|---|---|
| ૧ | આટ | ધોળિયા તળાવની સંરક્ષણ દીવાલ | ૧૦૧૧૦૨૪/- | ૧૦૦૦/-<br>૭૫૦૦/- |
| ૨ | | રૂપેણ તળાવની સંરક્ષણ દીવાલ | ૧૧૨૨૨૧૪/- | ૧૫૦૦/-<br>૧૦૦૦૦/- |

૨. બોલી બોલનારની જરુરી લાયકાત

૨.૧ બોલી બોલનારે પોતાની આ કામ કરવા લાયકાત ધરાવે છે તે પૂરવાર કરવા નીચેની વિગતો પૂરી પાડવાની રહેશે.

(અ) છેલ્લા ત્રણ વર્ષમાં પ્રત્યેક વર્ષમાં કરેલા બાંધકામ કામોનું કુલ મૂલ્ય:

(બ) પોતાની નાંણાકીય સદ્ધરતા અંગેની વિગતો;

(ક) જો કોઇ કાનૂની કાર્યવાહી થઇ હોય, ચાલુ કામમાં અથવા છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન, જે બોલી બોલનારે હાથ ધર્યા હોય, સંબંધિત પક્ષો અને દરેક કેસમાં સંડોવાયેલ વિવાદની રકમ

૨.૨ આ કામ મેળવવા માટે લાયક થવા બોલી બોલનારે નીચે જણાવ્યા મુજબની લાયકાતો બતાવવાની રહેશે.

૨.૩ છેલ્લા ત્રણ વર્ષમાં ઓછામાં ઓછા બે બાંધકામની કામગીરીના નિર્માણનું કામ, પ્રાથમિક કોન્ટ્રેક્ટર તરીકે સંતોષકારક રીતે કરેલું હોવું જોઇએ, જે દરેકનું મૂલ્ય ૨૦ લાખથી ઓછા કામ માટે રૂ. ૧૨.૫૦ લાખથી ઓછું ન હોય અને ૨૦ લાખથી વધુ કામ માટે રૂ. ૧૬.૦૦ લાખથી ઓછુ ન હોવુ જોઈએ.

૩. કામનું મૂલ્ય:

(અ) બિલમાં બતાવવામાં આવેલ પૂરેપૂરા કામ માટે, ડ્રોઇંગ્સ અને ટેક્નિકલ વિગતો માટે કરાર કરવામાં આવશે. જો કરારનામામાં કોઇ સુધારા હોય તો તે છેકીને કરવાના રહેશે, તેના પર ટૂંકી સહી અને તારીખ નાંખીને ફરીથી લખવાનું રહેશે.

(બ) બધા જ કર, વેરા અને અન્ય લેવી, કરાર હેઠળ કોન્ટ્રાક્ટરે ચૂકવવાની રહે છે, તેનો સમાવેશ કુલ કિંમતમાં કરવાનો રહેશે.

(ક) કોન્ટ્રાક્ટરે ભરેલા ભાવ, કોન્ટ્રાક્ટના પૂરા કામ માટે રહેશે, અને તેને અન્ય કોઇ ખાતા સામે સરભર કરવામાં નહીં આવે.

(ડી) ભાવ ફક્ત ભારતીય ચલણમાં ભરવાના રહેશે.

૪. ભાવપત્ર રજૂ કરવા

૪.૧) બોલી બોલનારે જાતે જ સંબંધિત સ્થળની પોતાના ખર્ચે મુલાકાત લેવાની રહેશે અને ભાવપત્ર ભરવામાટે જરૂરી જણાય તે બધી જ વિગત મેળવી લેવાની રહેશે.

૪.૨) દરેક બોલી બોલનાર ફક્ત એક કામ માટે એક જ ભાવપત્ર રજૂ કરી શકશે.

૪.૩) ભાવ બોલનારે જે ભાવપત્ર રજૂ કરે, તેમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઇએ.

(અ) ભાગ-'બી'માં આપવામાં આવેલ નમૂનામાં ભાવ આપવાના રહેશે.

(બ) બાંધકામ માટે જરુરી જથ્થાની યાદી પર સહી કરેલી હોવી જોઇએ; અને

(ક) ભાગ-'બી'માં લાયકાત બાબતની જાણકારી પૂરેપૂરી ભરવાની રહેશે.

૪.૪) બોલી બોલનારે એક સીલ બંધ કવરમાં ભાવપત્રક રજૂ કરવાનું રહેશે. કવર ઉપર નીચે જણાવેલ વિગતો પણ બતાવવાની રહેશે, જેથી કવર સહેલાઇથી અલગ રીતે ઓળખી શકાય.

| કામગીરીનું ભાવપત્રક |
|---|
| કોંટ્રાકટરનું નામ: |

૪.૫) ભાવપત્ર, કામ આપનારના કાર્યાલયમાં, આમંત્રણ પત્રમાં આપવામાં આવેલ સમય અને તારીખ અથવા તે પહેલાં મોડામાં મોડું પહોંચવું જોઇએ.

૪.૬) કામ આપનાર દ્વારા ભાવપત્રકો સ્વીકારવાની તારીખ વીતી ગયા બાદ મળેલા ભાવપત્ર સ્વીકારવામાં આવશે નહીં અને બોલી બોલનારને કવર ખોલ્યા વગર પરત કરવામાં આવશે.

૫. ભાવપત્રની માન્યતાની સમયમર્યાદા

ભાવપત્ર રજૂ કરવા પછીની તારીખથી 30 દિવસ સુધી ભાવપત્રક માન્ય (validity) રહેશે.

૬. ભાવપત્ર ખોલવા

ભાવપત્ર બોલી બોલનારાઓ, અથવા તેમના વતી હાજર રહેલ પ્રતિનિધિની હાજરીમાં, આમંત્રણ પત્રમાં દર્શાવવામાં આવેલ તારીખ, સમય અને સ્થળે ખોલવામાં આવશે. જણાવેલ સમયે બોલી બોલનાર હાજર નહી રહે તો પણ કારોબારી સમિતી/ખરીદ સમિતી ભાવો ખોલી શકશે. જે બોલી બોલનારની માન્ય રહેશે.

૭. જ્યાં સુધી સફળ બોલી બોલનારને કોન્ટ્રાકટ આપવાની જાહેરાત કરવામાં ન આવે ત્યાં સુધી ભાવપત્રના મૂલ્યાકન અને કોન્ટ્રાકટ આપવા બાબતની જાણકારી, બોલી બોલનારાઓને જણાવવામાં નહીં આવે કે અન્ય કોઇ એવી વ્યક્તિ જે આ કામગીરી સાથે સંકળાયેલા ન હોય તેમને કરવામાં નહીં આવે.

૮. આ કામગીરી માટેના પ્લાન એસ્ટીમેટની તાંત્રિક મંજુરી બાકી છે. જો તાંત્રિક મંજુરીમાં પ્લાન એએસ્ટીમેટના રકમમાં ફેરફાર થશે તો આપનું બીડ સ્વીકારવું કે કેમ તેનો નિર્ણય ગુજરાત ઇકોલોજી કમીશન દ્વારા કરવામાં આવશે. જે તમને બંધન કરતા રહેશે.

૯. કામના ભાવપત્રનું મૂલ્યાંકન

કામ આપનાર ભાવપત્રનું મૂલ્યાંકન કરશે તેમજ આપેલા ભાવોની સરખામણી કરશે અને નીચેના ધોરણો અનુસાર નિર્ણય લેશે.

(એ) ઉપરના ક્લોઝ-3માં જણાવેલ લાયકાતના ધોરણો પર પૂરા ઉતરતા હોય.

(બી) યોગ્ય રીતે સહી કરેલા હોય; અને

(સી) શરતો અને બોલીઓ પૂરી કરતા હોય, નિયત વિગતો અને નકશા મુજબના હોય અને તેમાં કોઇ ઉલ્લેખનીય તફાવત ન હોય.

૧૦. કોન્ટ્રાકટ આપવું/મંજૂર રાખવું

કામ આપનાર, જેમના ભાવ ચોક્કસ રીતે કામને અનુરૂપ હોય અને જેમણે સૌથી નીચા ભાવ આપ્યા હોય અને જે લાયકાતના નિયત ધોરણો સંતોષતા હોય, તેમને કોન્ટ્રાકટ આપશે.

૧૦.૧ ઉપરની બાબતો સિવાય સમિતી કોઈપણ ભાવપત્ર સ્વીકારવા કે નકારવાનો અધિકાર ધરાવે છે, અને સમગ્ર બોલી બોલવાની પ્રક્રિયાને રદ્દ કરી શકે છે, અને કોઇ પણ સમયે, કોન્ટ્રાકટ આપવાના હુકમો કરતાં પહેલાં, બધાં જ ભાવપત્ર રદ્દ કરી શકે છે.

૧૦.૨ જે બોલી બોલનારના ભાવપત્રનો સ્વીકાર કરવામાં આવ્યો હોય, તેમનો કામ આપનાર દ્વારા કામનો કોન્ટ્રાકટ આપવામાં આવશે. આ હુકમો ભાવપત્રની માન્યતાનો સમય પૂરો થાય તે પહેલાં કરવાના રહેશે.

૧૧. કામગીરી બજાવણી (Performance) જમાનત

સ્વીકૃતીનો પત્ર મળ્યાના પંદર દિવસની અંદર, સફળ બોલી બોલનારે, કામ આપનારને કામગીરી બજાવણી (Performance) જમાનત આપવાની રહેશે (બેંક ડ્રાફ્ટ કે ચેકથી કામ આપનારના નામે) કોન્ટાકટના મૂલ્યના 5 % જેટલી રકમની જામીન આપવાની રહેશે. જે રકમ કામગીરી મરામતની જવાબદારી પુરી થયા બાદ પરત કરવામા આવશે.

૧૨. કામ પૂરૂ કરવાની સમયમર્યાદા:

આ કામ પૂરું કરવાની સમયમર્યાદા, કામ સંભાળો તે તારીખથી 3 મહિનાની અંદર અથવા એક પૂરી વર્ષાઋતુ, બેમાંથી જે મોડી પૂરી થતી હોય તેટલો રહેશે, કામ ચાલુ હોય તે દરમ્યાન કોંટ્રાકટર કામમાં દેખાયેલ કોઇ પણ ખામી સુધારી આપવા જવાબદાર રહેશે.

૧૩. બાંધકામ માટેની બધી જ સામગ્રીની ખરીદી, જેમાં સિમેન્ટ અને લોખંડ પણ સામેલ છે, તે નિયત ધોરણો મુજબના (જ્યાં પણ શક્ય હોય ત્યા માલસામાન ISI માર્કાવાળો હોવો જોઇએ) ખરીદીની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૧૪. મરામતની જવાબદારી:

કામ પુરૂ થયાની તારીખથી ૬ મહિના સુધી મરામતની જવાબદારી રહેશે અને તે સમય દરમિયાન કોઈ પણ પ્રકારની મરામત કાર્ય જાણ કરીએ સાત દિવસમા ચાલુ કરવાનો રહેશે.જે માટે કોઈ પણ પ્રકારના અલગ ખર્ચ ચુકવવામા નહી આવે.

# વિભાગ-બી

૧. પાત્રતાની જાણકારી આપવાનો નમૂનો
૨. ભાવપત્ર રજૂ કરવાનો નમૂનો
૩. કોન્ટ્રાક્ટ સ્વીકારવાના પત્રનો નમૂનો

## પાત્રતા/પાત્ર હોવા અંગેની જાણકારી

વ્યક્તિગત બોલી બોલનારાઓમાટે.

૧.૧) વ્યવસાયનું મુખ્ય સ્થળ:

૧.૨) છેલ્લા ત્રણ વર્ષમાં બાંધકામના/ નિર્માણ કામના કામ પૂરા કર્યા હોય તેનું કુલ મૂલ્ય (રૂ. લાખમાં)

| વર્ષ/સાલ | મુલ્ય (રૂ. લાખમાં) |
|---|---|
| | |
| | |
| | |

૧.૩) મુખ્ય કોંટ્રાકટર તરીકે (તે જ નામથી), આજ પ્રકારના છેલ્લે ત્રણ વર્ષમાં જે કામ કર્યા હોય તેની વિગતો.

| કામ આપનારનું નામ | કામનું વર્ણન | કોન્ટ્રાક્ટનું મૂલ્ય (રૂ. લાખમાં) | વર્કઓર્ડર આપ્યાની વિગત | કામ પૂરું થવાનો સમયગાળો | વાસ્તવીક રીતે કામ પુરૂ થયાની તારીખ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

<u>ભાવો મોકલવા માટેનુ પત્રક</u>

કામનું નામ:

પ્રતિ,

નિયામકશ્રી,

ગુજરાત ઇકોલોજી કમિશન,

ગાંધીનગર.

વિષય : ................................................ <u>કામગીરીના કામના ભાવ મોકલવા બાબત.</u>

શ્રીમાન,

ઉપર ઉલ્લેખ કરેલ આપના પત્રમાં જણાવેલ કામ, પત્રમાં જણાવેલ શરતો મુજબ અમો કરવા માટે દરખાસ્ત કરીએ છીએ. આ કામગીરી અમે કુલ મૂલ્ય રૂ. ____________/- (અંકે રૂ. ____________________________________ ) થી અમો કામ કરવા સંમત છીએ.

આ ભાવપત્ર અને તેની આપ દ્વારા લેખિત સ્વીકૃતી આપણી વચ્ચે બંધનકર્તા કરાર બનશે. અમો સમજીએ છીએ કે આપ પણ સૌથી ઓછો ભાવ/ ઓછી બોલી સ્વીકારવા અથવા કોઇ પણ ભાવ/ બોલી સ્વીકારવા બંધાયેલા નથી.

અમે આથી પ્રમાણિત કરીએ છીએ કે, અમો અથવા અમારા વતી કોઇ પ્રતિનિધિ લાંચ આપવામાં, પોતાને સંડોવશે નહીં.

અમો એ વાતને સમર્થન આપીએ છીએ કે આ ભાવ/ બોલી, બોલી બોલનારાઓ માટેની સૂચનાઓના ક્લોઝ-૬માં જણાવ્યા મુજબ 30 દિવસ માટે માન્ય રહેશે.

આપનો વિશ્વાસુ

અધિકૃત સહી કરનાર

તારીખ

સહી કરનારનું પુરૂનામ:

બોલી બોલનારનું નામ, સરનામું

આમંત્રણ પત્ર રવાના કરતાં પહેલાં કામ આપનારે ભરવું

** બોલી બોલનારે, પોતાની વિગતો અને બોલી રજૂ કરવાની તારીખ, આ પત્રકની સૌથી નીચે ભરવાની રહેશે.

જોડાણ-૧

## કામગીરીનું ભાવ પત્રક

કરવાની થતી કામગીરીનું નામ અને જથ્થાની વિગત (Bill of Quantity):

| ક્રમ | કામનું વર્ણન | જથ્થો | એકમ | એકમ પ્રમાણે ભરેલ ભાવ | રકમ |
|---|---|---|---|---|---|
| | | | | | |

ઉપરોકત પત્રક મુજબ અમો આપના દ્વારા બીડ ડોક્યુમેન્ટ સાથે રજુ કરેલ નકશાઓ અને વિગતવાર વર્ણન મુજબ આ કામગીરી કરવા માટે કોન્ટ્રાક્ટ મૂલ્ય રૂ. ____________ /- (અંકે રૂપિયા ________________________પુરા) માં બાંધકામનું કામ કરવા સંમત છીએ.

કોન્ટ્રાક્ટરની સહી
ઑફિસનું સીલ

(કામ આપનારના લેટરહેડ પર કામગીરીનો વર્ક ઓર્ડર)

પ્રતિ,

__________________________

__________________________

__________________________

શ્રીમાન,

આપને જણાવવામાં આવે છે કે, ______________________ કામના બાંધકામ માટે આપના દ્વારા રજૂ કરવામાં આવેલ તારીખ ____________ના ભાવપત્ર (quotation) રૂ. _____________/- (અંકે રૂપિયા __________________________), મંજુર કરવામા આવે છે.

આપને કામગીરી બજાવણી (performance)ની જામીનગીરી પેટે રૂ. ______________________ (કોન્ટ્રાકટ માટે મંજુર થયેલ રકમના 5 %) આ પત્ર મળ્યા તારીખથી પંદર દિવસની અંદર ભરવા જણાવવામાં આવે છે. કામગીરી બજાવણી (performance)ની જામીનગીરી કામ આપનારની તરફેણમાં બેંક ડ્રાફ્ટ કે ચેકથી આપવાની રહેશે. આ કામગીરી બજાવણી (performance)ની જામીનગીરીની કાયદેસરતા કામ પૂરું થાય ત્યા સુધીની રહેશે. કામગીરી બજાવણી (performance)ની જામીનગીરી ભરવામાં નિષ્ફળ થશો તો આ ભાવપત્રની સ્વીકૃતી રદ્દ થઇ શકે છે.
આપને કરારનામાના દસ્તાવેજ સહી કરવામાટે પણ વિનંતી છે. અને મોડામાં મોડું તારીખ _____________ સુધીમાં એન્જિનિયરની કે સમિતીની સૂચના મુજબ કામ શરુ કરવા જણાવવામાં આવે છે, અને કામ નિયત સમયમર્યાદામાં પૂરૂ કરવાનું રહેશે.

આ સ્વીકૃતિ પત્ર રવાના થયેથી અને આપના તરફથી કામગીરી બજાવણી (performance)ની જામીનગીરી ચૂકવાયાથી, આ કામનો કોન્ટ્રાકટ મંજૂર કરવાની કામગીરી પૂરી થાય છે.

આપનો વિશ્વાસુ,

અધિકૃત સહી કરનાર
સહી કરનારનું નામ અને હોદ્દો

...................... ગાંધી હરિત કાર્યવાહી સ્મારક વિકાસ સમિતી

અને

.................................................... (એજન્સીનું નામ)

વચ્ચે .................... ખાતે ..............................................................કામગીરીના

બાંધકામ માટે કરારની શરતો (Articles of agreement)

આ કરાર, કરારના નમૂનામાં તા....../......../૨૦૧૮ ના રોજ ................ હરિત કાર્યવાહી સ્મારક વિકાસ સમિતી (હવે પછી તેમનો ઉલ્લેખ પ્રથમ પક્ષકાર તરીકે કરવામાં આવશે.) અને .......................................(એજન્સીનું નામ- હવે પછી તેમનો ઉલ્લેખ બીજા પક્ષકાર તરીકે કરવામાં આવશે.) વચ્ચે ..........................ખાતે ...............................................................કામગીરી કરવા માટે કરવામા આવેલ છે.

આ કરાર નીચેની શરતો અને બોલીઓને આધીન રહેશે.

૧. કોન્ટ્રાકટની મંજુર થયેલ રકમ (cost)

આ કામનો કુલ ખર્ચ/ મંજુર થયેલ રકમ (હવે પછી તેનો ઉલ્લેખ કુલ ખર્ચ તરીકે કરવામાં આવશે) રૂ. ................................/- (અંકે રૂ. ....................................................................................) છે. (મંજુર થયેલ રકમ અને કામગીરીની વિગત પરિશિષ્ટ-૧માં બતાવ્યા મુજબ તેમજ પ્લાન અને અસ્ટીમેટ પ્રમાણે રહેશે)

૨ નાણાકીય ચુકવણી:

૨.૧) પ્રથમ પક્ષકાર દ્વારા નીચેની વિગતે ચુકવણી કરવામાં આવશે.

(એ) આ કામગીરી ૫0% જેટલી પુરી થયા બાદ બીજા પક્ષકાર દ્વારા તેટલી રકમનું રનિંગ બીલ રજૂ કરવામાં આવે ત્યારે

(બી) પ્રથમ પક્ષકાર દ્વારા નીમવામાં આવેલ એન્જીનિયર દ્વારા આ કામગીરી માટેનુ પ્રમાણપત્ર મળ્યેથી

(સી) ૧૦૦% કામગીરી પુરી થયા બાદ ફાઈનલ બીલ રજુ કર્યા બાદ અત્રેના અધિકારી દ્વારા ચકાસણી કર્યા બાદ ચુકવવામા આવશે.

૩. કોન્ટ્રાક્ટર દ્વારા એન્જીનિયર નોટિસ

બીજા પક્ષકાર દ્વારા કરવામાં આવેલ કામ દરેક તબક્કે પહોંચતા પ્રથમ પક્ષકાર તરફથી નીમવામાં આવેલ એન્જિનિયરને અથવા જવાબદાર સ્થાનિક સમિતી અને અધિકારી/કર્મચારીને નોટિસ આપશે અથવા કામ શરૂ કરવા માટે જણાવશે. (જેઓ કોન્ટ્રાકટરના કામ ઉપર દેખરેખ રાખવા, કોન્ટ્રાકટરની ચુકવણીને પ્રમાણિત કરવાની અને કોન્ટ્રાકટરના કામમાં થતાં ફેરફાર અને મૂલ્યાકનને ધ્યાને લાવવા માટે અને સમયમર્યાદા વધારી આપવા માટે જવાબદાર હોય તેઓને) ઉલ્લેખ થયેલ તબક્કાનું કામ પૂરૂં થયું છે તેવું પ્રમાણિત કરી મુલાકાત માટે નોટિસ આપશે અને કામનુ તબ્બકા વાર બીલ રજુ કરશે.

૪. કામ પૂરું કરવાની મુદત

આ કામ આ કરાર શરૂ થયા તે તારીખથી બે મહીનાની અંદર પૂરું કરવામાં આવશે. અસાધારણ સંજોગોમાં આ કરારમાં બતાવવામાં આવેલ સમયમર્યાદા બંને પક્ષકારોની પરસ્પર સંમતિથી લેખિત હુકમો દ્વારા લંબાવી શકાશે.

૫. બીજા પક્ષકાર દ્વારા જાણી જોઇને કામ નિયત સમયમર્યાદામાં પૂરું કરવામાં વિલંબ કરે તો તેઓને નુકસાની આપવા માટે ફરજ પાડી શકાય છે. આ નુકસાન પ્રતિ દિન 0.0૫ ટકાના દરે તેમને ચુકવવાપાત્ર રકમમાંથી કાપવામાં આવશે. જ્યારે આ નુકસાનીની રકમ કોન્ટ્રાક્ટની કુલ રકમના ૨% કરતાં વધે ત્યારે પ્રથમ પક્ષકાર કોન્ટ્રાક્ટ રદ્દ કરી શકશે અને બીજું યોગ્ય લાગે તે પગલાં લઇ શકે છે. (નોંધ : લિક્વિડેટેડ નુકશાન પ્રતિ દિવસના કામના કુલ મુલ્યના 0.0૫ %ના ધોરણે નકકી કરવાનુ રહેશે)

૬. પ્રથમ પક્ષકારની ફરજો અને જવાબદારીઓ:

૬.૧ પ્રથમ પક્ષકારની જવાબદારી રહેશે કે તેઓ અવારનવાર સુપરવિઝન કરશે અને નિયત ધોરણો અનુસાર બીજા પક્ષકારને કામકાજમાં જરૂરી માર્ગદર્શન આપશે. તેમાં લેખિત/મૌખિક માર્ગદર્શન અને અધિકૃત વ્યક્તિ દ્વારા નિયમિત સ્થળ મુલાકતનો સમાવેશ થાય છે. રૂબરૂ મુલાકાત દરમ્યાન તેઓએ સામગ્રીની અને બાંધકામની ગુણવત્તા ચકાસવાનુ રહેશે કે, તે નિયત ધોરણો અનુસારની છે કે કેમ અને કામ નિયત ધોરણો અનુસાર થયું છે કે કેમ?

૬.૨ પ્રથમ પક્ષકારે, બીજા પક્ષકારને કામના નકશા, વિગતો અને માર્ગદર્શિકાની કોપી પૂરી પાડવાની રહેશે.

૬.3 કરાર સહી કર્યાના દસ દિવસની અંદર બીજા પક્ષકારને સ્થળનો કબજો સોંપવાનો રહેશે.

૬.૪ એન્જિનિયર સ્થળ મુલાકાત વખતે પોતાના અવલોકનો અને સૂચનોની બીજા પક્ષકાર દ્વારા રાખવામાં આવેલ સાઇટ રજીસ્ટરમાં નોંધ કરશે. બીજા પક્ષકાર આ સૂચનોનો ઝડપથી અને ચોક્કસ અમલ કરશે. એન્જિનિયર દ્વારા બતાવવામાં આવેલ ખામીઓ તરત દૂર કરશે અને નિયત સમયમર્યાદામાં દૂર કરવામાં ન આવે તો પ્રથમ પક્ષકાર તેમજ એન્જિનિયર કાયમી ઉકેલ લાવવાનો અથવા કામ મોકૂફ રાખવાનો અથવા અટકાવવાનો હુકમ આપી શકશે. પ્રથમ પક્ષકાર અને એન્જિનિયર માટે બીજા પક્ષકારના ખર્ચે આ ખામી દૂર કરવાના અધિકાર રહેશે.

૭ બીજા પક્ષકારની ફરજો અને જવાબદારીઓ:

(એ) બીજા પક્ષકાર કામ હાથ પર લઇ તેને નિયત સમયમર્યાદામાં પૂરું કરશે.

(બી) યોગ્ય વ્યક્તિને કામ પર રાખશે

(સી) કામની પ્રગતિ પર નિયમિત દેખરેખ રાખશે

(ડી) તમામ કામગીરીની બાબતમાં જીઈસીના અધિકારીઓ, એન્જિનિયર અને ક્ષેત્રિય સ્ટાફની સુચનો અને માર્ગદર્શન મુજબ કામ કરશે

(ઇ) કોઇ પણ વિસંગતતા જણાયે તે પ્રથમ પક્ષકારને ધ્યાને લાવી અને જરૂરી સ્પષ્ટતા મેળવવા જવાબદાર રહેશે

(એફ) નકશા અને કોન્ટ્રાક્ટની કુલ રકમની મર્યાદામાં અને કામના નિયત ધોરણો અનુસાર કામ ચાલે છે તે ધ્યાન રાખશે. કોઇ પણ જાતનો ખર્ચ વધે નહી તેની ખાતરી રાખશે. પ્રથમ પક્ષકારને કામની પ્રગતિથી વાકેફ રાખશે.

(જી) સ્થળની સલામતી અને દેખરેખની વ્યવસ્થાની જવાબદારી બીજા પક્ષકારની છે અને કામ પુરું થયે પ્રથમ પક્ષકારને સોંપવામાં આવે ત્યા સુધી સ્થળના દેખરેખ અને રક્ષણની જવાબદારી તેમના શિરે રહેશે.

(એચ) કોંટ્રાકટર દ્વારા ગામના સંશાધનો જેવાકે કુશળ કારીગર, મજુરો, ટ્રેકટર કે કામગીરી સંલગ્ન ગામમા પ્રાપ્ય હોય તે સાધનોનો ઉપયોગ કરવાનો રહેશે.

(આઇ) બધા વેરા, કરવેરા વગેરે ધ્યાને રાખી ચુકવણી કરવાની રહેશે. અને કરાર હેઠળ જરૂરી કરવેરાની ચુકવણી કરવાની રહેશે.

૮. ફેરફાર/વધારાની આઇટમની કામગીરી

જો પક્ષકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ ડ્રોઇંગ અને વિગતો અનુસાર કામ કરશે. જોકે સ્થળની સ્થીતીના કારણે અથવા બીજા કોઇ સંજોગોને કારણે તેમાં ફેરફાર કરવાનો જરૂરી જણાય તો નીચેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(એ) બીજા પક્ષકાર, એન્જિનિયરને કામમાં જો કોઇ ફેરફાર કે સુધારો જણાય તો જાણકારી આપશે. એન્જિનિયર ફેરફાર કરવાનું જરૂરી હોય તો સ્થળના ભાવપત્રક માગશે, એંજીનિયર કોંટ્રાકટર દ્વારા આપવામા આવેલ ભાવપત્રકનું મુલ્યાંકન કરશે. આમા કોઈ સુધારો કરવાનો થતો હોયતો પ્રથમ પક્ષકાર દ્વારા કામકાજના સુધારા કરવાના હુકમો કરવાના હોય તેના સાત દિવસ પહેલાં એન્જિનિયરે માહિતી આપવાની રહેશે અને જરૂરી જણાયતો સુધારા સાથેની વિગત કોંટ્રાકટરને આપવાની રહેશે.

(બી) જો બીજા પક્ષકાર દ્વારા આપવામાં આવેલ ભાવપત્રો ગેરવ્યાજબી જણાય તો એન્જીનિયર કામની સુધારણાના હુકમો આપશે અને કોન્ટ્રાક્ટની કિંમતમાં ફેરફાર કરી શકે છે, જે એન્જીનિયરના પોતાના અંદાજોને મળતા આવે. એ ખર્ચ કોન્ટ્રાક્ટરને આપવાનો રહેશે.

(સી) બીજા પક્ષકારને આવી કોઇ વધારાની રકમ અથવા ખર્ચ મેળવવાનો અધિકાર રહેશે નહી. નુકસાન થઇ શકતું હોય તેવા કામના ખર્ચના બીજા પક્ષકારને પૈસા મેળવવાનો હક રહેશે નહી.

૯. જામીનગીરી

પર્ફોમોન્સ જામીનગીરી કામ આપવામાં આવે/સ્વીકૃતી પત્રમાં જણાવેલ મુદત કરતાં મોડું ન થાય તે રીતે આપવાની રહેશે અને તે બેંક દ્વારા અથવા કામ આપનારને સ્વીકાર્ય હોય તે રીતે આપી શકશે.

૧૦ કરાર રદ્દ કરવો

૧૦.૧) જ્યારે કામ આપનારને એમ લાગે કે કોન્ટ્રાકટર કરારની મુખ્ય શરતોનો ભંગ કરી રહ્યા છે તો તેઓ કોન્ટ્રાક્ટ રદ્દ કરી શકશે.

૧૦.૨) કોન્ટ્રાક્ટરની મુખ્ય શરતોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે પરંતુ તે ફક્ત નીચેની બાબતો પૂરતું મર્યાદિત નથી.

(એ) કોન્ટ્રાક્ટર ૨૮ દિવસ કામ બંધ રાખે અને એન્જિનિયરે તે કામને બંધ રાખવાનું માન્ય ન રાખ્યુ હોય

(બી) કોન્ટ્રાક્ટરે દેવાળુ કાઢ્યું હોય અથવા તેની નાણાકીય સ્થીતી સદ્ધર ન રહી હોય, સિવાય કે આવી સ્થિતિ પુન: નિર્માણ કે એકત્રીકરણના કારણે ઉભી થઈ હોય

(સી) એન્જિનિયર ખામીઓ દૂર કરવાની નોટિસ આપે અને એન્જિનિયર દ્વારા બતાવવામાં આવેલ ખામીઓ કોન્ટ્રાક્ટર સમયમર્યાદામાં દૂર ન કરે તે કોન્ટ્રાક્ટની મુખ્ય શરતોનો ભંગ છે.

(ડી) કોન્ટ્રાક્ટર જરૂરી જામીનગીરી પૂરી ન પાડે. અને જામીનગીરીની નિયત સમયમર્યાદા સુધી જાળવણી ન કરે.

૧૦.૩) ઉપરના કારણો ઉપરાંત કામ આપનાર પોતાની અનુકૂળતા માટે કોન્ટ્રાક્ટ રદ્દ કરી શકશે.

૧૦.૪) જે કોન્ટ્રાક્ટ રદ્દ કરવામાં આવે તો તુરત જ કામ અટકાવી દેવું જોઇએ. કામના સ્થળની સલામતી અને સુરક્ષા જળવાવી જોઇએ. શક્ય એટલા વ્યાજબી સમયની અંદર સ્થળ છોડી દેવું જોઇએ.

૧૧. કરાર રદ્દ થાય તે સંજોગોમાં નાણાની ચુકવણી

૧૧.૧) જો કોન્ટ્રાક્ટર દ્વારા મુખ્ય શરતોના ભંગ બદલ કોન્ટ્રકટ રદ્ કરવામાં આવે તો જેટલું કામ થયું હોય તેના મૂલ્ય અંગેનું એન્જિનિઅર પ્રમાણપત્ર આપશે. એમાંથી અગાઉ ચુકવેલ રકમ બાદ કરશે અને કોન્ટ્રાક્ટને લગતી અન્ય કોઇ વસૂલાત બાકી હોય તો તે રકમ બાદ કરશે, સ્ત્રોતમાંથી કપાત કરવાની થતી હોય તો તે રકમ કાપી, ચૂકવવાપાત્ર રકમનું પ્રમાણપત્ર આપશે.

૧૧.૨) જો કોન્ટ્રાક્ટર કામ આપનારની પોતાની અનકૂળતા ખાતર રદ્દ કરવામાં આવ્યું હોય તો એન્જિનિયર જેટલું કામ થયું હોય તેના મૂલ્યનું પ્રમાણપત્ર આપશે. અને ઉપરોક્ત મશીનો વગેરે ખસેડવાનો વ્યાજબી ખર્ચ તેમજ કોન્ટ્રાક્ટના મજૂરોને અન્ય જગાએ કામે રાખવા માટે થતો ખર્ચ અને કોન્ટ્રાક્ટર દ્વારા કામના સ્થળની સુરક્ષા અને સલામતી માટે જે ખર્ચ કર્યું હોય તે, સ્ત્રોતમાંથી કપાત કરવાની થતી હોય તો તે રકમ કાપી, ચૂકવવાપાત્ર રકમનું પ્રમાણપત્ર આપશે.

૧૨. વિવાદની પતાવટ

જો કામ સંબંધિત બંને પક્ષકારો વચ્ચે કોઇ વિવાદ સર્જાય તો બંને પક્ષકારો પરસ્પર પરામર્શ અને સમજૂતીથી તેનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરશે. જો કોઇ સમાધાન ન થાય તો લવાદને સોંપવામાં આવશે. આવા લવાદ પીડબલ્યુડીના નિવૃત્ત અધિક્ષક ઇજનેર કક્ષાથી નીચેના નહીં તેવાઓને લવાદ તરીકે નિમશે. લવાદ પ્રથમ પક્ષકાર દ્વારા નિમવામાં આવશે. આ લવાદ, લવાદ અને સમાધાન અધિનિયમ, ૧૯૯૬ જોગવાઈ અનુસાર કાર્યવાહી કરશે. લવાદનો નિર્ણય આખરી અને બંને પક્ષકારને બંધનકર્તા રહેશે.

સહી અને સિક્કા

ગાંધી હરિત સ્મારક વિકાસ સમિતિ

મુ. , તા. જલાલપોર, જિ. નવસારી

એજન્સીનો સહી અને સિક્કા

| Dandi Project | | | | | |
|---|---|---|---|---|---|
| **Implimented by : Gujarat Ecology Commission, Gandhinagar** | | | | | |
| **Location- Pond Protection wall at Dhodiyavad Talav** | | | | | |
| **BOQ** | | | | | |
| **No** | **Description** | **Unit** | **Total QTY** | **Rate** | **Amount** |
| 1 | Jungle cutting for preliinary survey light jungle cutting (bushes, hedges) in wet condition also, including demarcation, marking alignment, points supervision etc. complete. | Sqm | 750.00 | | |
| 2 | **Excavation** for foundation upto 1.5 m depth including sorting out and stacking of useful materials and disoising off the excavated stuff upto 100 meter (A) Loose and soft soil. Use available excavated earth. | Cum | 162.00 | | |
| 3 | Filling in plinth with sand under floors including watering ramming, consolidating and dressing complete (upto 10 ton) | Cum | 120.00 | | |
| 4 | Providing and laying 300 mm thick pucca rubble pitching in cement mortar 1:5 proportion with the surface pointed with cement mortar of 1:3 proportion including curing etc. Complete for all leads & lifts. | Sqm | 600.00 | | |
| 5 | **PCC**-Providing and laying cement concrete 1:3:6 (1-Cement: 3-Coarse sand:6-hand broken stone aggregates 40 mm nominal size) and curing complete excluding cost of formwork in (A) Foundation and Plinth (upto 10 ton) | Cu.m. | 20.25 | | |
| 6 | (i) Uncoursed Rubble Masonry with hard stone of approved quality in foundations and plinth in Cement Mortar 1:6 (1- cement : 6-coarse sand including levelling up etc. complete (upto 10 ton) | Cum | 59.06 | | |
| 7 | **RCC** -Proving and laying controlled cement concrete M 250 and curing complete excluding the cost of formwork and reinforcement for reinforced concrete work in (A) Slabe, Foundation, footing, Base of column and Mass concrete. (upto 10 ton) | Cum | 10.50 | | |
| 8 | Provinding TMT Bar FE 500/500D reinforcement for R.C.C. work including bending, binding and placing in position complete upto floor two level (upto 10 ton) | Kg. | 735.00 | | |
| | **Total** | | | | |







SECTION:-AA

| Sheet No:- Rup-1 | Revision No :- 0 | Drg. Name:- Protection Wall | Check by :- Prashant Pandya | STAMP HERE |
|---|---|---|---|---|
| Project Name :- | | PROPOSED PROTECTION WALL AT DHODIYAVAD TALAV AT NAVSARI | Detail by :- Harsh Panchal | |
| | | | Date :- 07-03-2018 | |
| Client Name:- | | PRESIDENT GANDHI HARIT SMARAK VIKAS SAMITI | Scale :- N.T.S. | |
| | | | NOTE :- ALL DIMENSION ARE IN M. EXCEPT MENTIONED. | |

twg Advisory (LLP)
A-415/416, Supath-II, Nr.Juna Wadaj
AMTS Bus Terminal,Ashram Road,
Ahmedabad-380013
email:-mail@twgindia.co.in
www.twgindia.co.in

| Dandi Project | | | | | |
|---|---|---|---|---|---|
| **Implimented by : Gujarat Ecology Commission, Gandhinagar** | | | | | |
| **Location- Pond Protection wall at Rupen Talav** | | | | | |
| **BOQ** | | | | | |
| **No** | **Description** | **Unit** | **Total QTY** | **Rate** | **Amount** |
| 1 | Jungle cutting for preliinary survey light jungle cutting (bushes, hedges) in wet condition also, including demarcation, marking alignment, points supervision etc. complete. | Sqm | 800.00 | | |
| 2 | **Excavation** for foundation upto 1.5 m depth including sorting out and stacking of useful materials and disoising off the excavated stuff upto 100 meter (A) Loose and soft soil. Use available excavated earth. | Cum | 216.00 | | |
| 3 | Filling in plinth with sand under floors including watering ramming, consolidating and dressing complete (upto 10 ton) | Cum | 120.00 | | |
| 4 | Providing and laying 300 mm thick pucca rubble pitching in cement mortar 1:5 proportion with the surface pointed with cement mortar of 1:3 proportion including curing etc. Complete for all leads & lifts. | Sqm | 600.00 | | |
| 5 | **PCC**-Providing and laying cement concrete 1:3:6 (1-Cement: 3-Coarse sand:6-hand broken stone aggregates 40 mm nominal size) and curing complete excluding cost of formwork in (A) Foundation and Plinth (upto 10 ton) | Cum | 27.00 | | |
| 6 | (i) Uncoursed Rubble Masonry with hard stone of approved quality in foundations and plinth in Cement Mortar 1:6 (1- cement : 6-coarse sand including levelling up etc. complete (upto 10 ton) | Cum | 78.75 | | |
| 7 | **RCC** -Proving and laying controlled cement concrete M 250 and curing complete excluding the cost of formwork and reinforcement for reinforced concrete work in (A) Slabe, Foundation, footing, Base of column and Mass concrete. (upto 10 ton) | Cum | 14.00 | | |
| 8 | Provinding TMT Bar FE 500/500D reinforcement for R.C.C. work including bending, binding and placing in position complete upto floor two level (upto 10 ton) | Kg. | 980.00 | | |
| | **Total** | | | | |







| | | | | |
|---|---|---|---|---|
| Sheet No:- Rup-1 | Revision No :- 0 | Drg. Name:- Protection Wall | Check by :- Prashant Pandya | STAMP HERE |
| Project Name :- | PROPOSED PROTECTION WALL AT RUPEN TALAV AT NAVSARI | | Detail by :- Harsh Panchal | |
| | | | Date :- 07-03-2018 | |
| Client Name:- | PRESIDENT GANDHI HARIT SMARAK VIKAS SAMITI | | Scale :- N.T.S. | |
| | | | NOTE :- ALL DIMENSION ARE IN M. EXCEPT MENTIONED. | |

twg Advisory (LLP)
A-415/416, Supath-II, Nr.Juna Wadaj
AMTS Bus Terminal,Ashram Road,
Ahmedabad-380013
email:-mail@twgindia.co.in
www.twgindia.co.in